# નોટબંધી-જીએસટીના મુદ્દે મોદી પર રાહુલ ગાંધીના તીવ્ર પ્રહારો

## નોટબંધી બાદ પણ મોદીએ નાના દુકાનદારો તેમજ વેપારીઓને ફટકો પડે તે રીતે જીએસટીને અમલી બનાવ્યું : કોંગ્રેસ આવશે તો સૌ કોઇને રાહત આપશે

અમદાવાદ,તા. ૨૫ દ્વારકાથી સૌરાષ્ટ્રઝોનમાં કોંગ્રેસનો ચૂંટણી પ્રચાર શરૂ કરનાર છે ઉદ્યોગપતિઓ અને કંપનીઓ માટે નિર્ણયો કરે છે. ગરીબો અને ખેડૂતોને વીજળી-પાણી પૂરું પાડવાને પ્રહારો કર્યા હતા. મોદીએ કોઈની સલાહ લીધા વગર ભારતના અર્થતંત્ર ઉપર જોરદાર આક્રમણ કરી દીધું છે. નથી, ખેડૂતોને તેમની પાકપેદાશોના પોષણક્ષમ ભાવો મળતા નથી. નોટબંધી અને જીએસટી જેવા નિર્ણયોથી દેશને અને પ્રજાજનોને ભયંકર હદે નુકસાન થયું છે. એકબાજુ, ગુજરાતના ખેડૂતોને વીજળી-પાણી સમયસર કે પૂરતા મળતા નથી ત્યારે બીજીબાજુ, મોદી સરકારના માનીતા ઉદ્યોગપતિઓ રોજગારી આપવાની વાત કરી હતી પરંતુ આજે દેશના કરોડો યુવાનો રોજગારની તલાશમાં ભટકી રહ્યા છે. દિલમાં જગ્યા નથી, પરંતુ અમીરો માટે તમામ દરવાજા ખોલી દે છે. જીએસટીથી નાના દુકાનદારો-



કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે પોતાની જાહેરસભા દરમ્યાન મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, નોટબંધી અને જીએસટીના કારણે દેશને ખાસ કરીને ખેડૂતો, ગરીબો, મધ્યમવર્ગ તેમ જ નાના વેપારીઓ- લઘુ ઉદ્યોગને કલ્પી ના શકાય તેવું પારાવાર નુકસાન થયું છે. મોદી સરકાર અને ભાજપ એ પાંચ- બદલે મોદી સરકાર તેમની માનીતી કંપનીઓને સસ્તા ભાવે જમીન, પાણી અને વીજળી પૂરી પાડે છે. જો કોંગ્રેસની સરકાર આવશે તો, ખેડૂતો, યુવાઓ અને ગરીબોની સરકાર બનશે. સૌકોઈને કોંગ્રેસ રાહત આપશે. ડીઝીટલાઈઝેશનના લીધે ખેડૂતોને કોઈ ફાયદો નથી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા પ્રચાર માટે પહોંચેલા રાહુલે વડાપ્રધાન ઉપર ત્યારબાદ પણ તેઓ રોકાયા ન હતા. નોટબંધીથી નાના કારોબારીઓ્ અને વેપારીઓને ભારે નુકસાન થયું છે. રાહુલ ગાંધીએ હાઈફાઈ લક્ઝરી બસમાં ઉભા રહીને જ માઈક મારફતે જાહેરસભા અને સ્થાનિક લોકો- ખેડૂતોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, મોદી સરકારના નિર્ણયનો કારણે આજે દેશમાં દુઃખ છે, પ્રજા ત્રસ્ત છે. દેશમાં યુવાનો માટે રોજગારી



અને તેમની કંપનીઓને સસ્તા ભાવે જમીનથી માંડી વીજળી-પાણી પૂરા પાડવામાં આવે છે. રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું કે, કોંગ્રેસ જે વાયદા કરે છે કે જે વચનો આપે છે, તે નિભાવી જાણે છે અને ભાજપ માત્ર ઠાલા વચનો આપે છે. મોદીજીએ કરોડો યુવાઓને નરેન્દ્ર મોદીએ કોઈને પણ પૂછયા વિના દેશની આર્થિક તરલતા પર જબરદસ્ત પ્રહાર કર્યો અને ત્યાં અટકયા નહી. જે દુકાનદાર, નાના વેપારી હતા, તેઓને કુઠારાઘાત વાગ્યા અને પાછુ જીએસટી આવ્યું. હિન્દુસ્તામાં જે નબળા છે, ગરીબ છે....તેમના માટે વડાપ્રધાનના વેપારીઓની મુશ્કેલીઓ ભયંકર વધી છે. માત્ર પાંચ-છ કંપનીઓને ફાયદો થયો છે. પ્રજાને વિશ્વાસ અપાવ્યો હતો કે, જો કોંગ્રેસની સરકાર આવશે તો, ખેડૂતો, યુવાઓ, મહિલાઓ અને નાના વેપારીઓ-લઘુ ઉદ્યોગ માટે પ્રોત્સાહક નીતિ અમલમાં લાવશે અને સૌના લાભ અને હિતમાં નિર્ણય કરશે.

## દ્વારકાધીશમાં દર્શન કરીને રાહુલે પ્રચારના શ્રીગણેશ

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે દ્વારકા ખાતે દ્વારકાધીશના દર્શન કરી સૌરાષ્ટ્ર ઝોનના ચૂંટણી પ્રચારનો પ્રવાસ શરૂ કર્યો હતો. ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી બાદ રાહુલ ગાંધીએ દ્વારકા મંદિરમાં વિધિવત્ પૂજા કરી હતી અને જગદ્‌ગુરુ શંકરાચાર્યજીના આશીર્વાદ મેળવ્યા હતા. રાહુલ ગાંધી ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત, પ્રદેશ



કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના અગ્રણીઓ સાથે પ્રચાર અર્થે નીકળ્યા હતા.

## સે-ઉ વગડાવાળી માતાજીના ચાંચર ચોકમાં જામ્યો ગરબાનો રંગ

ગાંધીનગર, તા.૨૫

તારા વિના શ્યામ મને એકલડુ લાગે.. રાસે રમવાને વેલો આવજે હો...

ઘોર અંધારી રે રાતલડીમં નિસર્યા ચાર અસવાર.. આવા મન અને કાન બંન્ને સાંભળવા ગમે તેવા સુંદર પૌરાણિક ગરબા સાથે શહેરના સેકટર-ઉ ખાતે કેપીટલ ક્રિએટીવ કલબ દ્વારા છેલ્લા બે વર્ષથી નોરતે સહિયરમાં ભારે ભીડ જામી હતી. નાની બાળકીથી માંડીને મોટીવયના મહિલાઓ પણ ગરબે ઘુમતા દ્રશ્યમાન થયા હતા. જયારે ગરબા ગ્રાઉન્ડની બહાર માનવ મહેરામણ ઉમટયો હતો. સહિયર ગરબામાં માત્રને માત્ર બહેન દિકરીઓ જ ગરબે ઘુમી શકે છે તેમાં પણ ટ્રેડીશનલ ડ્રેસ ફરજીયાત રાખવામાં આવ્યો નથી. જેથી બહેનોને જવેલરી તેમજ ટ્રેડીશનલ



માત્ર ને માત્ર બહેનો, દિકરીઓ અને મહિલાઓ માટે સહિયર ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચોથા નોરતે માતાજીના ચાચર ચોકમાં ભકિત અને શકિતની ઉપાસના કરતી બહેનો ગરબે ઘુમતી જોવા મળી હતી.

કેપીટલ ક્રિએટીવ દ્વારા આયોજીત સહિયર ગરબાની વિશેષતા એ છે કે તે શહેરના શેરી ગરબામાં નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. ખાનગી પાર્ટી પ્લોટ જેવું વાતાવરણ ઉભુ કરાયું છે. જેમાં મોકળાશવાળુ ગ્રાઉન્ડ, અદ્યતન સાઉન્ડ સિસ્ટમ, અને ઝગમગતી રોશની વચ્ચે પ્રાચીન અને અર્વાચીન ગરબાની ધુને મહિલાઓ ગરબે ઘુમી રહી છે. ચોથા ડ્રેસના ખર્ચમાંથી રાહત મળી છે. જયારે ગરબે ઘુમતી બહેન-દિકરીઓને વિવિધ કેટેગરીમાં ૧૦૦ થી વધુ ઈનામો આપવામાં આવે છે. ત્યારે સહિયર ગરબામાં માતાજીના ચાંચર ચોકમાં સુંદર ભકિતમય વાતાવરણ સર્જાયેલું જોવા મળે છે. ઘ માર્ગ પર હોવાથી અહીં પસાર થતા દરેક નાગરીક આ અનોખા-નોખા ગરબા સ્થળની મુલાકાત લઈને જાય છે. ગરબા ગ્રાઉન્ડમાં ૧૦ જેટલા વિવિધ ખાણીપીણીના સ્ટોલ ઉભા કરાયા છે. જેમાં ગરબાપ્રેમીઓ પોતાની મનગમતા નાસ્તા કરતા પણ નજરે પડે છે. શહેરમાં નવરાત્રીનો માહોલ જામતો જાય છે તેમ તેમ ખૈલેયાઓમાં પણ અનેરો આનંદ છવાયેલો જોવા મળે છે.

## વિકાસ કામોનું

● અનુસંધાન પાન-૭ પર

જયારે કુડાસણ ખાતે ટી પી સ્કીમ નં-૬ માં ૮૦૦ ચો મી વિસ્તારમાં રંગમંચ તેમજ પાર્ટી પ્લોટ પણ વિકસાવાશે. વિકાસ કામો ઉપરાંત પાણી પુરવઠા યોજના તેમજ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનનુ પણ ખાતમુહુર્ત કરવામાં આવશે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આવતીકાલે મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત સે-૧૭ સ્થિત ટાઉનહોલની લોન સામે બપોરે ૧ : ૩૦ કલાકે એકમ સમારોહનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ દરમિયાન આ તમામ લોકસુવિધાના કામોનુ લોકાર્પણ તેમજ ભુમિપુજન કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર આરોગ્ય મંત્રી શંકર ચૌધરી, પ્રભારી મંત્રી નિર્મળાબેન વાઘવાણી ગુડાના ચેરમેન આશિષ દવે મેયર પ્રવિણ પટેલ તેમજ ધારાસભ્ય અશોક પટેલ ઉપરાંત ગુડાના મુખ્ય કારોબારી જી સી બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહેશે.

## સંપત્તિ જપ્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા ટેકો આપવાના મામલામાં વળતર રુપે આ નાણા મળ્યા હોવાનો આક્ષેપ કર્યોછે. ઈડીએ અભૂતપૂર્વ રકમ જપ્ત કર્યા બાદ કોંગ્રેસ પાર્ટીમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. એરસેલ-મેક્સિસ કેસમાં ઈડીએ દાવો કર્યો છે કે, એરસેલ-મેક્સિસ એફ ડીઆઈ મંજુરી મારફતે ૩૫૦૦ કરોડ રૂપિયા મંજુર કરાયા હતા. દરખાસ્ત ૧૮૦ કરોડ રૂપિયાના રોકાણની દર્શાવવામાં આવી હતી. એફ ડીઆઈમાં કેટલીક બેદરકારી પણ રહી હતી. તપાસ દરમિયાન ઈડીને જાણવા મળ્યું હતું કે, એરસેલ મેક્સિસ કેસમાં એફઆઈપીબી એપ્રુવલ પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમ દ્વારા આપવામાં આવી હતી. સાથે સાથે ઈડીને એવું જાણવા પણ મળ્યું છે કે, કાર્તિ-ચિદમ્બરમની ભત્રીજીની કંપનીને મેક્સિસ ગ્રુપથી બે લાખ ડોલર મળ્યા હતા. કેન્દ્રીય તપાસ સંસ્થા દ્વારા એરસેલ-મેક્સિસ ડિલમાં પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમની ભૂમિકામાં તપાસ કરી રહી છે. ૨૦૦૬માં મલેશિયન કંપની મેક્સિસ દ્વારા એરસેલમાં ૧૦૦ ટકા હિસ્સેદારી હાસલ કરવાના મામલામાં મંજુરી આપવાને લઈને ચિદમ્બરમ પર અનિયમિતતા દર્શાવવાનો આક્ષેપ કરવામાં આવી ચુક્યો છે. ઈડીએ ૧.૧૬ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. એડવાન્ટેજ સ્ટેટેજીક પ્રાઈવેટ લિમિટેડ કંપનીની ૨૬ લાખ રૂપિયાની બેંક ડિપોઝિટ પણ સામેલ છે. આ કેસમાં તત્કાલિન ટેલિકોમ મંત્રી દયાનિધિ મારન ઉપર આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, તેઓએ એરસેલના માલિક સી શિવકૃષ્ણન પર મલેશિયન કંપની મેક્સિસને કંપનીની હિસ્સેદારી વેચવા માટે દબાણ કર્યુ હતું.

## મતદારો વધ્યા

● અનુસંધાન પાન-૭ પર

જોવા મળ્યો છે. જિલ્લામાં મતદારોની સંખ્યામાં થયેલો વધારો જોતાં મતદારોની દષ્ટિએ સૌથી મોટો વિસ્તાર ગાંધીનગર (દ) બન્યો છે. જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૩,૦૨,૮૪૦ પર પહોંચી છે.

આ પછી ગાંધીનગર (ઉ) વિધાનસભા મતવિસ્તાર આવે છે. જ્યાં કુલ ૨,૩૦,૧૬૯ મતદારો થયા છે. ત્રીજા ક્રમે કલોલ વિધાનસભા મતદાર વિભાગ આવે છે જ્યાં ૨,૨૩,૨૭૨ મતદારો છે. ચોથા ક્રમે માણસા વિધાનસભા મતદાર વિભાગ આવે છે જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૨,૧૨,૪૧૪ છે.

વિધાનસભા મતદાર વિભાગ મતદારોની દષ્ટિએ સૌથી નાનો દહેગામ બને છે જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૨૦૦૭૪૩ છે.

Digital India Power To Empower
Education Department Government of Gujarat
સ્વચ્છ ભારત



Shri Narendra Modi
Hon'ble Prime Minister

Launching of



Shri Vijaybhai Rupani
Hon'ble Chief Minister

NAMO Wi-Fi
New Avenues of Modern education through Wi-Fi
&
"SMART GUJARAT FOR NEW INDIA" HACKATHON
Award Distribution for
SUMMER INNOVATION CHALLENGE
and Grant disbursement for
STUDENT START UP & INNOVATION POLICY
by
SHRI VIJAYBHAI RUPANI
Hon'ble Chief Minister

GUESTS OF HONOUR
SHRI BHUPENDRASINH CHUDASAMA, Hon'ble Minister, Education
SHRI JAYDRATHSINH PARMAR, Hon'ble Minister of State Higher & Technical Education
SHRI NANUBHAI VANANI, Hon'ble Minister of State Water Resources (Independent Charge), Primary and Secondary Education
SMT. VIBHAVARIBEN DAVE, Hon'ble Parliamentary Secretary Education
DR. J. N. SINGH, Chief Secretary, Government of Gujarat,

Date : 26th September, 2017, Tuesday • Venue : Mahatma Mandir, Gandhinagar • Time: 09:30 onwards

SSIP STUDENT START UP INNOVATION POLICY | NAMO Wi-Fi | SMART GUJARAT FOR NEW INDIA HACKATHON
માહિતી (૨૦૧૭-૧૮-૫૨)
'યુવાનોના વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.'
- શ્રી નીતિનભાઈ પટેલ, માન. નાયબ મુખ્યમંત્રી
Website : http://www.gujarathackathon.cteguj.in
પારદર્શક સરકાર । સંવેદનશીલ સરકાર । નિર્ણાયક સરકાર । પ્રગતિશીલ સરકાર

## હા, સાહેબ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડશે જ ને..?! પણ સંભાળીને... સાચવીને... સાવધાનીપૂર્વક ઓછા નુકશાનવાળા પરિમાણોમાં વધુ ફાયદાકારક પરિણામ શોધવાનું છે..!" "સો ટકા સાચી વાત છે સાહેબ... અઘરૂ છે પણ અશક્ય નથી..! શબ્દોની રમતમાં કે ભાવનાના વહેણમાં ફસાયા કે અટવાયા વિના અનુભવની પાટી ઉપર ઉપસતા અવાજને ન્યાય આપીશુ... એ જ આપણો રાષ્ટ્ર ધર્મ બની રહેશે..!!"

- નિમિત્ત માત્ર

## નવ મહિનામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા તંત્ર એ મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ સફળ રહી હોવાનો દાવો કરતાં જણાવ્યું છે કે મહિલા અને યુવા મતદારોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે તે જ બતાવે છે કે ઝુંબેશ સફળ રહી છે.

તંત્રના સૂત્રોએ એવો પણ દાવો કર્યો છે કે જિલ્લામાં મતદારયાદી શુધ્ધ અને સચોટ બને તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું અને તેના સારા પરિણામ પ્રાપ્ત થયા છે. જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકોની મતદારયાદી ફોટાવાળી તૈયાર થઈ છે.

## આક્રમક મૂડમાં...

● ત્રીજા પાનાનું ચાલુ

શિક્ષક તરીકેની મુળભુત લાયકાત ધરાવે છે.તા. ૨૭-૪-૨૦૧૧ના રાજય સરકારના શિક્ષણ વિભાગના ઠરાવમાં સીપીએડ, એટીડી, અને ડીપીએડની તાલિમી લાયકાત તરીકે ગણતરી કરી ભરતીની જોગવાઈ છે. છતા પણ સીપીએડ, એટીડી શિક્ષકોને ડીઈએલઈડી કોર્ષ કરવા પરિપત્ર કરવામાં આવ્યો છે. તેમજ તાલિમી સ્નાતકોને પણ એનસીટીઈ દ્વારા ૬ માસનો કોર્ષ કરવાનું જણાવાયું છે. તેમજ આ કોર્ષ તા. ૩૧-૩-૧૯ પહેલા નિર્ધારીત શૈક્ષણિક લાયકાત મેળવવી અનિવાર્ય છે. જો લાયકાત નહીં મેળવવામાં આવે તો ફરજ પરના શિક્ષકોને શિક્ષણ વિભાગ દ્વારા લાયકાત ન સમજીને બરતરફ પણ કરી શકે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ત્યારે શિક્ષણ વિભાગના આ પરિપત્રને લઈ હજ્જારો કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. જેથી તાજેતરમાં ગાંધીનગર ખાતે ગુજરાત પ્રાથમિક વ્યાયામ શિક્ષક હિત રક્ષક સમિતીના નેજા હેઠળ સેકટર-૧૩ ખાતે આગેવાનોની એક બેઠક યોજાઈ હતી. જેમાં રાજયના વિવિધ જિલ્લામાંથી આગેવાનો આવ્યા હતા અને ચર્ચા અને ચિંતન બાદ રાજય પ્રાથમિક શિક્ષણ નિયામકને આવેદન પત્ર પાઠવી પરિપત્ર રદ કરવા ઉગ્ર માંગ કરી છે અને સત્વરે જો નિર્ણય નહીં લેવામાં આવે તો કર્મચારીઓ ઉગ્ર લડતના મંડાણ કરશે. આ કાર્યક્રમમાં હિત રક્ષક સમિતિના અધ્યક્ષ ઘનશ્યામભાઈ પટેલ, ઉપાધ્યક્ષ ભીખાભાઈ પટેલ, મહામંત્રી રતુભાઈ ગોળ, અને કન્વીનર કિશોરકુમાર ડી. પરમાર સહિત ૫૦૦ થી વધુ પ્રાથમિક શિક્ષકો હાજર રહ્યા હતા.

## અદબ પલાઠી...

● ૪ પાનાનું ચાલુ...

ચ્હાની ચૂસકી લીધા પછી સૌ મિત્રો ફરી ગરબે ઘૂમવા તૈયાર થઈ ગયા હતા. સોનાલી ક્ષમાની દેવી લાગતી હતી જયારે રવિની આંખોમાં પશ્ચાતાપના આંસુ દેખાતા હતા. ગરબે ઘુમતી પ્રત્યેક સોનાલીમાં દૈવીશકિતનું આરોપણ થાય અને સમાજમાં રહેલા દરેક રવિની અંદર રહેલી આસૂરીવૃત્તિનો નાશ થાય ત્યારે દશેરાની સાચી ઉજવણી થઈ ગણાય. વૃત્તિ બદલાય તો જ માણસ બદલાય ને માણસ બદલાય તો જ સમાજમાં ચેન્જ આવી શકે.

**મિસરી**

*"રસ્તા પર*
*એકલી જતી યુવતી,*
*કોઈ 'ચાન્સ' નથી*
*પણ જવાબદારી છે."*

- નિશિતા જાધવ

- santoshdevkar03@gmail.com

## વિજળી હર ઘર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી હતી. સૌભાગ્ય નામ આને આપવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી સહેજ વિજળી હર ઘર યોજના આને નામ અપાયું છે. ઓઈલ એન્ડ ગેસ કોર્પોરેશનના હેડક્વાર્ટર ખાતે મોદીએ આ અંગેની જાહેરાત કરી હતી. તમામને વિજળી ઉપલબ્ધ કરાવવાનો હેતુ રાખવામાં આવ્યો છે. કેન્દ્રનું યોગદાન ૮૫ ટકા અને બાકી રાજ્યોનું યોગદાન રહેશે. ૨૦૧૯ સુધી સંપૂર્ણ વિજળીકરણનો હેતુ રખાયો છે. મોદીએ કલ્યાણ માટે આઠ મોટી યોજનાઓની જાહેરાત કરીહતી.